63

વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ સ્થાનિક અગત્ય ધરાવતા સામૂહિક વિકાસના કામો અંગેના કાર્યક્રમ હેઠળની ગ્રાન્ટ ( ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ )માંથી " પંચવટી યોજના " માટે મેચીંગ ગ્રાન્ટ (લોકફાળા)ની રકમ આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-વજઅ-૧૫૨૦૦૯-૩૧૪૪-ચ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૦૩-૧૨-૨૦૦૯

વંચાણે લધાઃ-

(૧) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૩૦/૬/૨૦૦૮નો ઠરાવ ક્રમાંકઃ-પરચ/૨૦૦૪/૧૩૯૭/ચ

(૨) સામાન્ય વહીવટ વિભાગ(આયોજન)નો તા.૨૦/૮/૨૦૦૮નો ઠરાવ ક્રમાંકઃ-વજઅ/૧૫૨૦૦૭/યુ.ઓ.૧૦/ચ

(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨/૩/૨૦૦૯નો ઠરાવ ક્રમાંકઃ-વકસ/૧૦૨૦૦૯/ ૨૫૬૦/ચ.૧

**ઠરાવઃ-**

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઉકત વંચાણે લીધેલ ક્રમાંકઃ(૧)ના તા.૩૦/૬/૨૦૦૮ના ઠરાવ ક્રમાંકઃ-પરચ/૨૦૦૪/૧૩૯૭/ચ થી વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળની ધારાસભ્યશ્રી ગ્રાન્ટમાંથી પંચવટી યોજના માટે રાજયના પછાત જાહેર થયેલ (ફૌલગી સમિતિની ભલામણ મુજબના) ૩૦ તાલુકાઓમાં આવેલ ગ્રામ પંચાયતો તથા આદિજાતિ તાલુકા ગણાય તેવા તાલુકાઓની ગ્રામ પંચાયતોના કિસ્સામાં રૂા.૫૦,૦૦૦/-લોકફાળા પેટે ફાળવવાનો નિર્ણય લેવાયેલ હતો. ઉકત વંચાણે લીધેલ ક્રમાંકઃ-(૨)ના ઠરાવથી સદરહુ યોજના/કામનો વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંગેની માર્ગદર્શક યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે.

૨. ઉકત વંચાણે લીધેલ ક્રમાંકઃ-(૩)ના ઠરાવથી માનવ વિકાસમાં પ્રગતિ હેઠળના ૧૧ વિકાસશીલ તાલુકાઓનો રાજયના ૩૦ વિકાસશીલ તાલુકાઓમાં ઉમેરો કરવામાં આવેલ છે. આથી વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત ધારાસભ્યશ્રી ગ્રાન્ટમાંથી પંચવટી યોજના માટે રૂા.૫૦,૦૦૦/-નો લોકફાળો આપવાની જોગવાઈને વિસ્તૃત કરીને કુલ-૩૦+૧૧=૪૧ તાલુકાઓને આ લાભ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ ૧૧ તાલુકાઓની યાદી નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | કચ્છ | લખપત | ૬ | સુરેન્દ્રનગર | ચોટીલા |
| ૨ | ભાવનગર | ઘોઘા | ૭ | બનાસકાંઠા | દીયોદર |
| ૩ | તાપી | સોનગઢ | ૮ | બનાસકાંઠા | ભાભર |
| ૪ | ભરૂચ | વાલીયા | ૯ | સુરેન્દ્રનગર | સાયલા |
| ૫ | બનાસકાંઠા | દાંતા | ૧૦ | બનાસકાંઠા | કાંકરેજ |
| | | | ૧૧ | પંચમહાલ | જાંબુઘોડા |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જશવંત ગાંધી)
નાયબસચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી,
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
- માનનીય અધ્યક્ષશ્રી,ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી,
- માનનીય સર્વે મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
- માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી,
- અગ્ર સચિવશ્રી(આયોજન)ના રહસ્ય સચિવશ્રી,
- અગ્રસચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- વિકાસ કમિશ્નરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર,
- ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર,
- સર્વે ધારાસભ્યશ્રીઓ/સંસદસભ્યશ્રીઓ,
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- સર્વે જિલ્લા આયોજન અધિકારીશ્રીઓ,
- કમિશ્નરશ્રી, માહિતીખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,
- મહાલેખાકારશ્રી,ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ,
- સામાન્ય વહીવટ વિભાગ (આયોજન પ્રભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ)
- સિલેક્ટ ફાઈલ /શાખા ફાઈલ

**પાયાના આયોજન દ્વારા નિર્મળ અને નિરોગી ગુજરાત**